અમૂલ છાશના ભાવ દસ છતાં પ્રાંતિજમાં બારના ભાવે વેચાણ



# મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા દબાણ હટાવો ઝુંબેશ

## શાકભાજી-ફ્રૂટની લારીઓ માટે સહકારી જીનમાં હંગામી ધોરણે જગ્યા ફળવાઈ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરને જિલ્લાનું વડુમથક જાહેર કરાયા બાદ જિલ્લાના પ્રજાજનોની સરકારી કામકાજ અર્થે આવન-જાવન વધી જતા વારંવાર ટ્રાફિક જામના દશ્યો સર્જાતા હતા. જેમાં મુખ્ય માર્ગો પર શાકભાજીની લારીઓ પાથરણાવાળા તેમજ જાહેરમાર્ગો પર ગેરકાયદેસર દ્વારા છેલ્લા બે દિવસથી જાહેરમાર્ગો પર દબાણ કરનારાઓ સામે ઝુંબેશ ચલાવતા દબાણ હટાવવાની કામગીરી સાથે કેબીનો, લારીઓ જપ્ત કરાઈ હતી. મોડાસા બસસ્ટેન્ડ-કોલેજ રોડ, ડિપ, મેઘરજ રોડ, માલપુર રોડ પર ઉભી રહેતી શાકભાજી, ફ્રુટની લારીઓ માટે હંગામી ધોરણે સહકારી જીનમાં જગ્યા ફાળવાતા શહેરના માર્ગો ખુલ્લા બન્યા હતા. શાકભાજીના હાટડીઓ, નાસ્તાના કેબીન ખડકી દેતા તદ્ઉપરાંત મુખ્ય માર્ગો પર શાકભાજી અને ફ્રુટની લારીઓ ખડકી દેતા મોડાસા શહેરના મુખ્યમાર્ગો સાંકડા બની ગયા હતા. જેથી વારંવાર ટ્રાફિકજામના દશ્યો જોવા મળ્યા હતા. મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી મુખ્ય માર્ગો પર ચેકિંગ હાથ ધરી દબાણો હટાવવાની કામગીરી હાથ ધરી તેમજ મુખ્ય માર્ગો પર દુકાન માલિકો ફળફળાદી વેચતા ફેરીયાઓ માટે મોડાસા ચાર રસ્તા નજીક આવેલી સહકારી જીનમાં હંગામી ધોરણે જગ્યા ફળવાતા મોડાસાના મુખ્ય માર્ગો ખુલ્લા બનતા નગરજનો અને વાહનચાલકોમાં આનંદ છવાયો હતો. બીજી બાજુ લારીવાળાઓએ કાયમી જગ્યા ફાળવવા રજૂઆત કરી હતી.

મોડાસાના નગરજનો અને જિલ્લાના વાહનચાલકો જિલ્લાના વડામથકના







કેબીનો ધારકો દ્વારા અડીંગો જમાવી દેતા મોડાસા શહેરના નગરજનો અને જિલ્લાભરના વાહનચાલકોને અહીથી પસાર થવામાં ભારે હાલાકી અનુભવવી પડતી હતી. ક્યારેક તો મોડાસા શહેરના મુખ્ય માર્ગો પર ૧ કિમી જેટલો વાહનોનો ટ્રાફિક જામ થતા વાહનચાલકો અને પ્રજાજનો શહેરના ટ્રાફિકથી તોબા પોકારી ઉઠ્યા હતા. મોડાસા નગર પાલિકા તંત્ર લારીવાળાઓએ કાયમી ધોરણે જગ્યા ફાળવવા ઉગ્ર માંગ કરી હતી.

મોડાસા શહેરના બસસ્ટેન્ડથી કોલેજ રોડ, શામળાજી રોડ, માલપુર રોડ, મેઘરજ રોડ તેમજ મુખ્ય બજારમાં જાહેર માર્ગો પર ગેરકાયદેસર દબાણ કરી કેટલાક લોકોએ ચાની હાટડીઓ, નાસ્તાના કેબીન ખડકી દેતા તદઉપરાંત મુખ્યમાર્ગો પર ગેરકાયદેસર દબાણ કરી કેટલાક લોકોએ ચાની દ્વારા માર્ગ પર માલસામાન ખડકી ટ્રાફિક જામ કરતા વેપારીઓની સાથે મુખ્ય જાહેર માર્ગો પર ખડકાયેલી પાણીપુરી, ચાની હાટડીઓ, નાસ્તાની કેબીનો જપ્ત કરી દંડનીય કાર્યવાહિ હાથ ધરતા મુખ્યમાર્ગો પહોળા બન્યા હતા. શુક્રવારે નગરપાલિકા તંત્ર અને પ્રમુખ વનિતાબેન પટેલ તેમજ કોર્પોરેટરો દ્વારા જાહેરમાર્ગો પર દબાણ કરી ગેરકાયદેસર શાકભાજીની લારીઓ અને મુખ્ય માર્ગો ખુલ્લા જોતા અંદરોઅંદર નગરપાલિકાની કામગીરીથી અજાણ લોકો ચર્ચા કરતા હતા કે આજે શાકભાજીની લારીઓની હડતાળ છે કે શું? જ્યારે શાકભાજી ખરીદતી મહિલાઓ બસસ્ટેન્ડ એરીયામાં શાકભાજીની લારીઓ ન જોતા શાકભાજી ખરીદવા અલગદ શાકભાજી માર્કેટ ફળવાયાનું જાણતા છેક ચાર રસ્તા સુધી જવુ પડશે તેમ નિશાસા નાખતી નજરે ચડતી હતી.

# અમૂલ છાશના ભાવ દસ છતાં પ્રાંતિજમાં બારના ભાવે વેચાણ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં અમુલ છાશનો ભાવ દસ રૂપિયા છતાં પ્રાંતિજ સહિત તાલુકામાં ૧૨ રૂપિયાના ભાવે વેચાતી હોવાથી ગ્રાહકોને એક છાશ પાછળ બે રૂપિયા વધારે ચુકવવાનો વારો આવ્યો છે. જ્યારે કંપની દ્વારા દસ રૂપિયાના ભાવે વેચાવાની વિવિધ અખબારોમાં જાહેરાત કરી છે.

અમુલની દરેક વસ્તુઓ પ્રિન્ટ કરતા એક બે રૂપિયા વધારે લેવાનું હોય તેમ સ્પષ્ટ પણે પ્રાંતિજ તથા તાલુકામાં જોઈ શકાય છે. જેમાં દૂધ, દહી, છાશ બટર, પનીર વગેરે આઈટમો ઉપર કંપનીએ છાપેલ કિંમત કરતા એક કે બે રૂપિયા વધારે લેવામાં આવે છે. ત્યારે છેલ્લા બે દિવસથી છાપેલા ભાવોના કરતાં છાશવારે તેમાં એક કે બે રૂપિયા વધારે લેવામાં આવે છે. ત્યારે કંપની દ્વારા અમુલ છાશનો ભાવ ૧૦ રૂપિયા કરવામાં આવ્યો હોવા છતાં પ્રાંતિજ સહિત બજારમાં ૧૨ રૂપિયાના ભાવે બજારમાં વેચાય છે. જ્યારે આ અંગે અમુલના પ્રાંતિજના ડિલરોનો સંપર્ક કરતાં તેમણે કહ્યું કે પેપરમાં એડ આવી એ દસ રૂપિયામાં અમુલની છાશ મલશે. તે સાચુ પણ અમને કંપની દ્વારા કે લેટર દ્વારા ભાવ બાબતે કોઈ પણ જાતની સ્પષ્ટતા કરવામાં આવી નથી. ત્યારે હિંમતનગર સાબરડેરીમાં માર્કેટિંગ વિભાગમાં ફોન ઉપર પુછતા તેઓએ જણાવ્યું કે રાત્રીના અમે તેમને બીલ સાથે લેટર આપેલ છે અને હજુ છાશ પાઉચ ઉપર પ્રિન્ટ જુની આવશે પણ ભાવ તો ઘટાડેલ છે. જેથી તેવો નવો ઘટાડેલા ભાવ પ્રમાણે જ ગ્રાહકોને આપવુ જોઈએ ત્યારે હાલ તો પ્રાંતિજ તથા તાલુકામાં ૧૦ના ૧૨ રૂપિયા અમુલની છાશના પાઉચ વેચાય છે.

# વરથુના સરપંચે ગૌચરમાં ઘઉંનું વાવેતર કરતા સસ્પેન્ડ કરવા કલેક્ટરમાં રજુઆત

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની વરથુ ગામના સરપંચે સરકારી ગૌચરમાં બિનઅધિકૃત કબ્જો કરી ઘઉંનું વાવેતર કરી દેતા પોતાની સત્તાનો દુરપયોગ કરનાર સરપંચને હોદ્દા પરથી દૂર કરવા માટે ગામના જ જાગૃત નાગરિકે જિલ્લા કલેક્ટરના સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં રજુઆત કરતા ખળભળાટ પ્રસર્યો છે. હવે જિલ્લા કલેક્ટર આ બાબતે શું કરે છે તેની પર સૌની નજર મંડાઈ છે.



આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં વરથુ ગ્રામ પંચાયત આવેલી છે. આ પંચાયતમાં હાલ પ્રવિણભાઈ પટેલ નામના સરપંચ બિરાજે છે. તેઓએ વરથુથી દેધાલીયા જવાના માર્ગ પર સરકારી ગૌચર (જૂના) સર્વે નં. ૫૦૧માં ગેરકાયદેસર પ્રવેશ કરી બિન અધિકૃત ઘઉંનું વાવેતર કરી દીધું છે. હાલ ઘઉં તૈયાર થવાની અણી પર છે ત્યારે જ ગામના વિનોદભાઈ રામાભાઈ પટેલ નામના જાગૃત નાગરિકે જિલ્લા કલેક્ટરના સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં લેખિત રજૂઆત કરતાં ચકચાર પ્રસરી છે. વરથુના સરપંચ પ્રવિણ પટેલને હોદ્દા પરથી તાત્કાલિક સસ્પેન્ડ કરવા માંગ ઉઠી છે. જિલ્લા કલેક્ટરને કરવામાં આવેલી લેખિત રજુઆતમાં હાલના સરપંચ સામે અન્ય આક્ષેપ પણ થયા છે. જેમાં ઘર આગળ આવેલ જાહેર હિતનો હેન્ડપંપ બંધ કરી દેવો, સરકારી જમીનમાં પાકુ બાંધકામ કરવુ, ઘરની પાછળનો ડુંગર ખોદી નાખવો જેવી વિવિધ ગેરકાયદેસર કૃત્યોનો સમાવેશ થાય છે. જિલ્લા કલેક્ટર સી. છાકછુઆક તથા નિવાસી કલેક્ટર ચિરાગ ચાવડા તાત્કાલિક વરથુના ઉપરોક્ત સર્વે નંબરમાં પંચનામુ કરાવી અંદાજે ૧૦૦ મણ ઘઉં પાકશે તે તમામ પાક કબ્જે લઈ તે રકમ સરકારના ખાતામાં જમા કરાવે તેવી જનતાની માંગ છે.

# લક્ષ્મીપુરામાંથી દોઢ લાખની ત્રણ ભેંસો ચોરાઈ

## ભેંસોના માલિક ભજન માણતા રહ્યા અને તસ્કરોએ ખેલ પાડ્યો

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની સીમના ખેતરના તબેલામાંથી ગુરૂવારે મોડી રાત્રે રૂ. દોઢ લાખની કિંમતની ત્રણ ભેંસો કોઈ અજાણ્યા ચોર ઈસમો ડાલામાં ભરી ચોરી કરી નાસી છુટવાના બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવા પામી છે. ચોરાયેલ ભેંસોના માલિક ગામમાં ચાલતા ભજન માણતા હતા અને તસ્કરોએ ખેલ પાડ્યો હતો.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર લક્ષ્મીપુરા ગામના પ્રજાપતિ ભીખાભાઈ કોદરભાઈ, પ્રજાપતિ કાનજીભાઈ રેવાભાઈ તથા પ્રવિણભાઈ મુળજીભાઈ જાદવ સીમના ખેતરમાં આવેલ તબેલામાં ભેંસો દોહી ગુરૂવારે સાંજે સાતેક વાગ્યાના સુમારે ઘેર ગયા હતા અને ગામમાં ચાલતા ભજનના કાર્યક્રમમાં ગયા હતા. દરમિયાન રાત્રે ભજનમાં બેઠા હતા ત્યારે પટેલ અરવિંદભાઈ સામળભાઈએ ભીખાભાઈના મોબાઈલ ઉપર ફોન કરી કહ્યું હતું કે તારા ભાગીયાનો ફોન આવ્યો છે કે સીમના ખેતરોમાં ઢોર ચોરનાર આઈશર ડાલુ લઈ ફરે છે પણ અરવિંદભાઈનો ભાગીયો જાગી જવાથી તસ્કરો ડાલા સાથે ભાગી છુટ્યા હતા. ફોન ઉપર સમાચાર મળતા ભીખાભાઈ પ્રજાપતિ, કાનજીભાઈ પ્રજાપતિ અને પ્રવિણભાઈ જાદવ સીમના ખેતર તરફ દોટ મુકી હતી. ત્યાં જઈને તબેલામાં ઢોરની ગણતરી કરતા ત્રણે વ્યક્તિઓની એક-એક ભેંસ તબેલામાં જોવા મળી ન હતી. આજુબાજુમાં તપાસ કરતાં ભેંસો મળી ન હતી. તેથી ત્રણ ભેંસો ચોરાઈ ગયાની ખાતરી થઈ હતી. જેથી ભીખાભાઈ કોદરભાઈ પ્રજાપતિ રે. લક્ષ્મીપુરાએ સાબરડેરીની ટેગવાળી રૂ. ૫૦,૦૦૦ની કિંમતની એક એમ રૂ. દોઢ લાખની ત્રણ ભેંસોની ચોરી અંગે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# સાબરકાંઠા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોની ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત તાલીમ

હિંમતનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય એ બહુવિધ આપત્તિઓની સંભાવના ધરાવતું રાજ્ય છે. ભૂતકાળમાં અનેકવિધ આપત્તિઓનો સામનો રાજ્યની પ્રજાએ કર્યો છે. ૨૦૦૧ના કચ્છના ભૂકંપ બાદ સરકારે આપત્તિ વ્યવસ્થાપન માટે ઓથોરીટીની રચના કરી છે. ત્યારે ચૂંટાયેલા તમામ કક્ષાના સદસ્યશ્રીઓ પણ સરકાર દ્વારા લેવાતા પગલાઓ, આપત્તિ વ્યવસ્થાપનમાં તેઓની ભૂમિકા શું હોઈ શકે તે જાણે સમજે તે માટે જીએસડીએમએ - ગાંધીનગર અને જિલ્લા વહીવટીતંત્ર સાબરકાંઠા દ્વારા જિલ્લાના ચૂંટાયેલા તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓનો તાલીમ કાર્યક્રમ કલેકટરશ્રી સાબરકાંઠાના સીધા માર્ગદર્શન તથા અધિક કલેક્ટરના સંકલનથી દરેક પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને મામલતદાર અને ટીડીઓ તમામ દ્વારા તા. ૮-૩- થી ૧૧-૩ સુધી જિલ્લામાં યોજાઈ ગયો.



આ તાલીમ કાર્યક્રમમાં ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૩, ગુજરાત ફાયર સેફટી એક્ટ-૨૦૧૩ની જોગવાઈઓની વિશદ સમજુતી મામલતદાર ડીઝાસ્ટર અને ડીપીઓ ડીઝાસ્ટર દ્વારા આપવામાં આવી. ટ્રેઈનીંગ એક્ષપર્ટ ત્રીલોકકુમાર દ્વારા બચાવ પ્રયુક્તિઓની થીયરીકલ અને પ્રાયોગિક બને તે રીતે તાલીમ આપવામાં આવી. આ તાલીમ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી શ્રી હિંમતનગર, ઈડર, પ્રાંતિજ અને ખેડબ્રહ્માએ ઉપસ્થિત રહી પદાધિકારીશ્રીઓની ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં શુ ભૂમિકા હોઈ શકે તેની ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમાં હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાના નવીન ચૂંટાયેલા તાલુકા અને જિલ્લા પંચાયતના ૨૦૦ જેટલા સદસ્યશ્રીી ભાગ લીધો હતો.

કાર્યક્રમના આયોજનમાં નાયબ મામલતદાર ડીઝાસ્ટર અને નાયબ મામલતદાર કુદરતી આફતની મહત્વની ભૂમિકા રહી હતી. પ્રશ્નોત્તારી કાર્યક્રમમાં સદસ્યશ્રીઓએ ચોમાસા દરમિયાન થતા માનવ મૃત્યુ, પશુમૃત્યુ, મકાન સહાય, પાક નુકશાન, જમીનનું નુકશાનના વિવિધ ધોરણો, જોગવાઈઓ અંગે પણ માહિતી મેળવી હતી.

# મેઘરજમાં મા લિંબચના નવિન મંદિરનું ભૂમિપૂજન કરાયું

મેઘરજ, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં પહાડિયા હનુમાનજી મંદિર નજીક લીંબચ ફળીયામાં મા લિંબચ નવિન મંદિરનું ખાત મુહૂર્ત ૧૧ માર્ચને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે કરવામાં આવ્યું હતું. આ નવિન મંદિર સમગ્ર આયોજન નવસર્જન યુવક મંડળ બારા ચોરાસી મામલપુરીયા જથ દ્વારા કરવામાં આવ્યું હતું.

નવિન મંદિરનું ભૂમિપૂજન લિંબચ સમાજના અગ્રણી કાનજીભાઈ મગનભાઈ અને ભૂમિદાતા દિનેશભાઈ કેશાભાઈ વાળંદના વરદહસ્તે કરવામાં આવ્યું હતું અને સમગ્ર પૂજાવિધિ બાદ તમામ લોકોએ પ્રસાદી સ્વરૂપે ભોજન ગ્રહણ કર્યું હતુ. આ ભૂમિ પૂજનમાં આજુબાજુના અને



સ્થાનિક અગ્રણીઓ અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ભૂમિ પૂજનમાં નવસર્જન યુવક મંડળ બારા ચોરાસી માલપુરીયા જથના પ્રમુખ અંબાલાલ એસ. વાળંદ કાસવાડા અને મંત્રી રમેશભાઈ ડી. વાળંદ સીસોદરા(મે)ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

સમાજના અગ્રણીઓ અને સર્વે જ્ઞાતિજનોમાં આ નવિન મંદિર બાબતે હર્ષની લાગણીનો માહોલ જોવા મળ્યો હતો. આ ભારતની ભાતીગળ સંસ્કૃતિમાં જો આવા નવિન મંદિરોનું નિર્માણ થતા રહે તો બાળકો, કિશોરો, યુવાનો, વૃદ્ધો અને મહિલાઓના સંસ્કારોની ચોક્કસ ઉન્નતિ થશે અને આપણા ભારત દેશમાં આહલાદક અને ભક્તિમય વાતાવરણ ઉભુ થશે. મા લિંબચના નવિન મંદિરના ભૂમિપૂજનને લઈને જ્ઞાતિજનોમાં અને અન્ય લોકોમાં પણ અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.




# અંબાજીમાં એસ ટી વિભાગના ડ્રાઈવર કંડક્ટરોના આરોગ્યની તપાસણી કાર્યક્રમ યોજ્યો

યાત્રાધામ અંબાજી ખાતે જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન મુજબ એસ.ટી. બસ સ્ટેન્ડના વર્કશોપમાં દાંતા તાલુકા આરોગ્ય વિભાગ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અંબાજી દ્વારા એસ.ટી. વિભાગના ડ્રાઈવર કંડકટરોના આરોગ્યની તપાસણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૦૦ જેટલા કર્મચારીઓને આંખ, ડાયાબીટીસ, બીપી અને અન્ય સારીરિક તપાસણી કરવામાં આવી હતી અને જરૂરિયાતમંદોના ફ્રી લેબોરેટરી ટેસ્ટ કરાયા હતા. જેમાં કેટલાક ટી.બી.ના પણ દર્દીઓ જોવા મળ્યા હતા. આ પ્રસંગે ડેપો મેનેજર રઘુવીરસિંહ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. નવીન ચૌહાણ, ડૉ. કિરણ ગમાર, ડૉ. રીયાઝ દાંતરોલીયા, ડૉ. જશ્મીન મોઢ, ઈન્ડિયાના રેડક્રોસ સોસાયટીના તાલુકા પ્રમુખ મહેન્દ્ર અગ્રવાલ તેમજ લેબ ટેકનેશીયન, પેરામેડીકલ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# પ્રાંતિજના મજરા પાસે આઈશરમાં લઈ જતા ૨૪ પશુઓને પોલીસે પકડી પાડ્યા

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા પાસે સવારના ૬ વાગે વગર પાસ પરમીટ વગર ૨૪ પશુઓ ભરીને જતી આઈશરને પોલીસે પકડી પાડી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ તાલુકાના મજરા ચોકડી પાસે વહેલી સવારે રાજસ્થાન બાજુથી અમદાવાદ તરફ જઈ રહેલ ૨૪ પશુઓ ભરેલ આઈશર નં. જીજે ૨૩-ટી.૭૭૭૮માં ભરીને જતી આઈશરે આગળ જતી ડમ્પર જીજે૦એક્ષ ૬૫૮૧ને પાછળથી અકસ્માત કરતાં મજરા ચોકડી ઉપર તાત્કાલિક પોલીસ દોડી આવી હતી. જ્યારે આઈસર ચાલક અકસ્માત બાદ ઘટના સ્થળેથી ભાંગી ગયો હતો. જ્યારે પોલીસે આઈશરની તાડપતરી ખસેડતા જેમાં ૨૪ પશુઓ મળી આવ્યા હતા. જેની કિંમત ૧,૪૦,૦૦૦ તથા આઈશરની કિંમત ૨ લાખ મળી કુલ ૩,૪૦,૦૦૦નો મુદ્દામાલ પોલીસે ઝપ્ત કરી આઈશર તથા ભાગેલ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.